— COPY —

**THE GANDHIDHAM**
**CHAMBER OF COMMERCE & INDUSTRY**
(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com

No. GCCI / 674

તા.૩૦.૧.૨૦૧૯

સચિવશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
બ્લોક નં. ૧૪ બીજે માળેથ,
નવા સચિવાલય,
ગાંધીનગર.

કાર્યપાલક ઇજનેરશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
સ્મીથ બંગલો,
ભુજ-કચ્છ

**વિષય :- ગાંધીધામ-આદિપુર (કચ્છ જિલ્લા) ને જોડતો સ્ટેટ હાઇવે - ટાગોર રોડના મરામત બાબતે**

સંદર્ભ : અમારા પત્ર નં. જીસીસીઆઇ-૬૧૬ તા. ૩૧.૧૨.૨૦૧૮

મહોદય,

સવિનય જણાવવાનું કે, ઉપરોકત વિષય સંદર્ભે અમે આપશ્રીનું ધ્યાન દોરતાં વારંવાર લખિત રજુઆત કરેલ છે, આમ છતાં આ સંદર્ભે થયેલ પ્રગતિથી અમને માહિતગાર કરતો કોઇ જ પ્રત્યુતર આપના તરફથી મળેલ નથી.

આપ વિદિત જ છો કે, ગાંધીધામ-આદિપુર શહેરોને જોડતો આ ટાગોર માર્ગ બંને શહેરોની જીવાદોરી સમાન છે. આ માર્ગની હાલત ઘસારાના લીધે અત્યંત ખરાબ થઇ ગયેલ છે અને દિનપ્રતિદિન આ માર્ગ પર ટ્રાફિકનો ભારણ પણ વધતું જ જાય છે, જેથી આ રોડની હાલત દિવસો દિવસ વધારેને વધારે ખરાબ થતી જાય છે.

આથી, અમારી આપને ફરી વિનંતી છે કે આ ટાગોર રોડનું મરામતનું કાર્ય તાત્કાલિક ધોરણે હાથમાં લેવા આવે, નહિંતર આ રોડ ઉપર અકસ્માતો સર્જાવાની પુરેપુરી શકયતાઓ રહેલી છે.

આપના ત્વરિત પ્રત્યુતરની અપેક્ષા સહ,

આભાર સહ,
આપનો વિશ્વાસુ,

(દિનેશ ગુપ્તા)
પ્રમુખ

નકલ સવિનય રવાના :
૧. શ્રીમતી માલતીબેન મહેશ્વરી, માન.ધારાસભ્યશ્રી ગાંધીધામ મતવિસ્તાર, ગાંધીધામ
૨. શ્રીમતી રેમ્યા મોહન, કચ્છ કલકેટરશ્રી, ભુજ-કચ્છ